Letter No: SJED/0462/11/2023 Dt: 04-12-2023

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટે NIC,ગાંધીનગર ખાતે કોન્ટ્રાક્ચ્યુઅલ મેનપાવર મેળવવા બાબત.(સીનીયર પ્રોગ્રામર અને પ્રોગ્રામર)

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:SJED/EOD/e-file/17/2022/1929/J Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૧૨/૨૦૨૩.

**વંચાણમાં લીધા:-**

(૧) વિભાગનો તા.૧૦/૦૭/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) વિભાગનો તા.૧૨/૧૦/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૧૭-૧૦-૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૫/૨૩-૨૪/૩૪૮૧-૮૪.

**આમુખ:-**

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સરખા ક્રમાંક ઠરાવથી શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટેના ડીજીટલ ગુજરાત પોર્ટલની કામગીરી માટે NIC,ગાંધીનગર ખાતે .Net Technology સ્કીલ ધરાવતા ૦૩ સીનીયર પ્રોગ્રામર (૦૫ વર્ષના અનુભવ) અને ૦૩ પ્રોગ્રામર (૦૨ વર્ષના અનુભવ) એમ કૂલ-૦૬ પ્રોગ્રામરની કરાર આધારિત સેવાઓ મેળવવા જાન્યુઆરી-૨૦૨૩ થી ૧૧ માસ માટે નવેમ્બર-૨૩ સુધી મંજૂરી આપવામાં આવેલ હતી.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના સરખા ક્રમાંક ઠરાવથી શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટેના ડીજીટલ ગુજરાત પોર્ટલની કામગીરી માટે NIC,ગાંધીનગર ખાતે .Net Technology સ્કીલ ધરાવતા ૦૩ સીનીયર પ્રોગ્રામર (૦૭ થી ૧૦ વર્ષના અનુભવ) ની કરાર આધારિત સેવાઓ મેળવવા ઓક્ટોબર-૨૦૨૩ થી નવેમ્બર-૨૩ સુધી મંજૂરી આપવામાં આવેલ હતી.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો વંચાણે લીધેલ ક્રમાંક (૩) ની દરખાસ્ત અન્વયે ૦૬ સીનીયર પ્રોગ્રામર અને ૦૩ પ્રોગ્રામર એમ કૂલ-૦૯ જગ્યા ડિસેમ્બર-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૪ સુધી (૧૧ માસ માટે) કરાર આધારિત iNDEXTb મારફત નિયત દરો મુજબ મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટેના ડીજીટલ ગુજરાત પોર્ટલની કામગીરી માટે NIC,ગાંધીનગર .Net Technology સ્કીલ ધરાવતા ૦૬ સીનીયર પ્રોગ્રામર અને ૦૩ પ્રોગ્રામર એમ કૂલ-૦૯ જગ્યા ડિસેમ્બર-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૪ સુધી (૧૧

માસ માટે) કરાર આધારિત iNDEXTb મારફત નિયત દરો મુજબ મેળવવા આથી મંજૂરી આપવામા આવે છે.

| ક્રમાંક | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | અનુભવ | માસિક મહેનતાણુ (Rate Exclusive Tax) |
|---|---|---|---|---|
| ૧ | સીનીયર પ્રોગ્રામર | 3 | ૭ વર્ષથી ૧૦ વર્ષ | રૂ૧.,૧૬,૮૪૦થી-/ ૧,૫૧,૮૦૦-/ |
| ૨ | સીનીયર પ્રોગ્રામર | 3 | ૫ વર્ષ | રૂ.૧,૦૩,૫૦૦/- |
| 3 | પ્રોગ્રામર | 3 | ૨ વર્ષ | રૂ.૪૭,૦૯3/- |

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના સરખા ક્રમાંક ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણાં વિભાગની તા .૨૬/૧૧/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ )

સેકશન અધિકારી ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાનામંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by: H T Gohel
Section Officer
Date: 2023.12.11
11:39:39 +05:30